# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

****************************************************

1. સરકારે કહ્યું પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે દેશની વીજળી અને ઉર્જા જરૂરિયાતોની માંગને સફળતાપૂર્વક પૂર્ણ કરી.
2. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કતારે ભારતને વિશ્વસનીય રીતે ઉર્જા પહોંચાડવા માટે પોતાની પ્રતિબદ્ધતાને ફરી વ્યક્ત કરી.
3. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે મોરેશિયસના પોર્ટ લુઇસમાં નવમી હિંદ મહાસાગર પરિષદ દરમિયાન વિવિધ દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરી.
4. તાજેતરની ચૂંટણીઓમાં આસામમાં 85.91 ટકા, કેરળમમાં 78.27 ટકા જ્યારે પુડુચેરીમાં 89.87 ટકા મતદાન થયું.
5. રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ઓર્થોડોક્સ ઇસ્ટર પર્વ નિમિતે 2 દિવસ માટે યુદ્ધવિરામની જાહેરાત કરી.
6. મંગોલિયામાં એશિયન મુક્કેબાજી સ્પર્ધામાં ભારતે પાંચ સુવર્ણ , ત્રણ રજત અને આઠ કાંસ્ય સહિત 16 ચંદ્રક જીત્યા.

………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# REV.GOVT-WEST ASIA BRIEF

સરકારે કહ્યું છે કે પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે દેશની વીજળી અને ઉર્જા જરૂરિયાતોની ટોચની માંગને સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આજે નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તરીય બેઠક દરમિયાન, ઉર્જા મંત્રાલયના અધિક સચિવ પિયુષ સિંહે જણાવ્યું હતું કે તમામ થર્મલ પાવર પ્લાન્ટ્સ પૂરતા પ્રમાણમાં કોલસાના જથ્થા સાથે સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે. તેમણે કહ્યું કે સરકાર આગામી ત્રણ મહિનામાં થર્મલ, સૌર, પવન અને હાઇડ્રો ગેસમાં 22 હજાર મેગાવોટ વીજળી ક્ષમતા ઉમેરવાની યોજના બનાવી રહી છે.

## (BYTE : PIYUSH SINGH)

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે, દેશમાં ઘરેલુ LPG અને ઇંધણનો પુરવઠો સ્થિર છે. શ્રીમતી શર્માએ ખાતરી આપી હતી કે પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને કોઈ ડ્રાયઆઉટની જાણ કરવામાં આવી નથી.

## (BYTE : SUJATA SHARMA)

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે દેશ પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર નજીકથી નજર રાખી રહ્યો છે, મંત્રીઓ ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવા માટે ખાડી દેશોની મુલાકાત લઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે લેબનોનમાં મોટી સંખ્યામાં નાગરિક જાનહાનિના અહેવાલોથી દેશ ખૂબ ચિંતિત છે અને ખાતરી આપી છે કે લેબનોનમાં ભારતીય દૂતાવાસ ભારતીયોની સલામતી અને સુરક્ષા માટે તેમના સંપર્કમાં છે.

બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે જણાવ્યું હતું કે આ પ્રદેશમાં તમામ ભારતીય નાવિકો સુરક્ષિત છે અને છેલ્લા 24 કલાકમાં ભારતીય ધ્વજ ધરાવતા જહાજ સાથે કોઈ ઘટના બની નથી. તેમણે ઉમેર્યું હતું કે મંત્રાલયે અત્યાર સુધીમાં 1 હજાર 927 થી વધુ ભારતીય નાવિકોને સુરક્ષિત સ્વદેશ પરત લાવવાની સુવિધા આપી છે, જેમાં છેલ્લા 24 કલાકમાં 124 ભારતીય પરત ફર્યા.

# HARDEEP PURI - QATAR

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે કતારે ભારતને વિશ્વસનીય રીતે ઉર્જા પહોંચાડવા માટે પોતાની પ્રતિબદ્ધતાને ફરી વ્યક્ત કરી છે. શ્રી પુરીએ દોહામાં કતારના ઉર્જા મંત્રી અને કતાર ઉર્જા ચેરમેન અને મુખ્ય કાર્યકારી અધિકારી સાદ શેરીદા અલ-કાબી સાથે ચર્ચા કર્યા બાદ આ વાત કહી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પુરીએ કહ્યું કે બેઠકમાં બંને પક્ષોએ વ્યૂહાત્મક સંબંધોના તમામ પાસાઓ પર ચર્ચા કરી. અને દેશોએ પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપનાની આશા પણ વ્યક્ત કરી.

# PM- NITISH KUMAR/HARIVANSH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિશ કુમારને રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લેવા બદલ અભિનંદન આપ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે નીતિશ કુમાર દેશના સૌથી અનુભવી નેતાઓમાંના એક છે અને સુશાસન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાની સર્વત્ર પ્રશંસા થઈ છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે શ્રી કુમારે બિહારના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું .

ઉપરાંત શ્રી મોદીએ રાજ્યસભાના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ શ્રી હરિવંશને રાજ્યસભામાં નામાંકિત થવા બદલ અભિનંદન પણ આપ્યા. શ્રી મોદીએ કહ્યું કે શ્રી હરિવંશે પત્રકારત્વ અને જાહેર જીવનમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં ગૃહની કાર્યવાહીને સૂચારૂ બનાવી છે.

# PM - SOLAR CAPACITY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતની અત્યાર સુધીની સૌથી વધુ વાર્ષિક સૌર ક્ષમતામાં વધારો કરવાની સિદ્ધિ પર પ્રકાશ પાડતો એક લેખ શેર કર્યો છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આકાશવાણી સમાચારની એક વાર્તા શેર કરતા, નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલા મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર ટિપ્પણી કરી. અગાઉ, કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જાહેરાત કરી છે કે દેશમાં નાણાકીય વર્ષ 2025-26 માં લગભગ 45 ગીગાવોટનો વાર્ષિક સૌર ક્ષમતામાં વધારો થયો છે.

# MATHURA-ACCIDENT

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં આજે યમુના નદીમાં લુધિયાણાથી શ્રદ્ધાળુઓને લઈ જતી એક હોડી પલટી જતાં છ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં છ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે બચાવ કામગીરી ચાલુ છે. મથુરાના જિલ્લા મેજિસ્ટ્રેટ સીપી સિંહે જણાવ્યું હતું કે લુધિયાણાના લગભગ 30 લોકો જુદી જુદી બે હોડીમાં હતા. આ ઘટના કેસી ઘાટ નજીક બની હતી, જ્યાં એક હોડી ડૂબી ગઈ હતી.

ઉત્તર પ્રદેશના મથુરામાં હોડી પલટી જવાની દુર્ઘટના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં , પ્રધાનમંત્રીએ આ દુ:ખદ ઘટનામાં પોતાના પરિવારના સભ્યો ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. શ્રી મોદીએ ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પણ પ્રાર્થના કરી અને ખાતરી આપી કે સ્થાનિક વહીવટીતંત્ર અસરગ્રસ્તોને સહાય પૂરી પાડી રહ્યું છે.

# AFGHANISTAN-FLOODS

અફઘાનિસ્તાનમાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે કુલ 148 લોકો માર્યા ગયા છે અને 216 ઘાયલ થયા છે. અફઘાન ડિઝાસ્ટર ઓથોરિટીના જણાવ્યા અનુસાર, પૂર્વી અફઘાનિસ્તાનમાં નાંગરહાર પ્રાંત સૌથી વધુ અસરગ્રસ્ત થયો છે , જ્યાં છેલ્લા બે દિવસમાં 24 લોકો માર્યા ગયા છે અને 33 ઘાયલ થયા છે. મુખ્ય રસ્તાઓને નુકસાન થયું છે, જેના કારણે કાબુલ અને અફઘાનિસ્તાનના અનેક પ્રાંતો સંપર્ક વિહોણા થયા છે.

આ દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રએ એમ પણ કહ્યું છે કે ગંભીર મોસમી પૂરને કારણે અફઘાનિસ્તાનમાં વ્યાપક નુકસાન થયું છે. અહેવાલ મુજબ, આ આફતથી 73 હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# REV. JAISHANKAR-MAURITIUS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે મોરેશિયસના પોર્ટ લુઇસમાં નવમી હિંદ મહાસાગર પરિષદ દરમિયાન વિવિધ દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરી . ડૉ. જયશંકર મોરેશિયસના રાષ્ટ્રપ્રમુખ ધરમવીર ગોખૂલને મળ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે તેમની સાથેની વાતચીત મિત્રતાની હૂંફ અને બંને દેશો વચ્ચે ભાગીદારીને આગળ વધારવા માટેની અડગ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ડૉ. જયશંકર મોરેશિયસના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને મિલિટન્ટ સોશિયાલિસ્ટ મૂવમેન્ટ પાર્ટીના નેતા પ્રવિંદ કુમાર જુગનાથ ઉપરાંત સેશેલ્સના વિદેશ મંત્રી બેરી ફૌરને મળ્યા હતા. ડૉ. જયશંકરે કહ્યું હતું કે ભારત વર્તમાન આર્થિક પડકારોનો સામનો કરવામાં સેશેલ્સને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છે. વધુમાં, તેમણે ભૂટાનના વિદેશ મંત્રી ડી.એન. ધુંગેલ સાથે પણ વાતચીત કરી હતી.

# ECI- FINAL POLL DATA

ગઈકાલે વિધાનસભા ચૂંટણી માટે યોજાયેલા મતદાનમાં આસામમાં 85.91 ટકા, કેરળમમાં 78.27 ટકા જ્યારે પુડુચેરીમાં 89.87 ટકા મતદાન થયું છે. આસામ અને પુડુચેરીમાં અત્યાર સુધીની સૌથી વધુ મતદાન ભાગીદારી નોંધાઈ છે. ચૂંટણી પંચની માહિતી અનુસાર, આસામ, કેરળમ અને પુડુચેરીમાં પણ અત્યાર સુધીની સૌથી વધુ મહિલા મતદાતાઓની ભાગીદારી નોંધાઈ છે. આસામમાં, 86.50 ટકા, કેરળમમાં 81.19 ટકા જ્યારે પુડુચેરીમાં 91.40 ટકા મહિલાઓએ મતદાન કર્યું હતું.

# UP-SIR-FINAL LIST

ઉત્તર પ્રદેશમાં SIR મતદાર યાદી સુધારણા પ્રક્રિયા પૂર્ણ થયા પછી, મતદારોની સંખ્યામાં 84 લાખથી વધુનો વધારો થયો અને તે વધીને લગભગ 13 કરોડ 39 લાખ થઈ ગઈ. ચૂંટણી પંચે આજે અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરી. નાગરિકો હવે voters.eci.gov.in જેવા સત્તાવાર પોર્ટલ દ્વારા તેમના નામ ઓનલાઈન ચકાસી શકે છે.

લખનૌમાં પત્રકારો સાથે વાત કરતાં ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ જણાવ્યું હતું કે આ વર્ષે 6 જાન્યુઆરીએ પ્રકાશિત ડ્રાફ્ટ મતદાર યાદીમાં કુલ 12 કરોડ 55 લાખ 56 હજાર 25 મતદારો હતા, જ્યારે આજે પ્રકાશિત અંતિમ મતદાર યાદીમાં, કુલ મતદારોની સંખ્યા વધીને 13 કરોડ 39 લાખ 84 હજાર 792 થઈ ગઈ છે. સાંભળીએ એક અહેવાલ

(VOICE CAST : SUSHIL TIWARI)

# RUSSIA UKRAINE CEASEFIRE

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ઓર્થોડોક્સ ઇસ્ટર પર્વ માટે યુદ્ધવિરામની જાહેરાત કરી છે. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકી પણ તેનું પાલન કરવા સંમત થયા છે. એક અહેવાલ અનુસાર આ યુદ્ધવિરામ 11 અને 12 એપ્રિલના સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન, રશિયન સૈનિકોને લડાઇ કામગીરી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. શ્રી ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે યુક્રેને ઇસ્ટર રજાઓ દરમિયાન યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો અને યુક્રેન તેનું પાલન કરશે.

# ASIAN BOXING C'SHIP

એશિયન મુક્કેબાજી સ્પર્ધામાં ભારતે મંગોલિયાના ઉલાનબાતારમાં આજે પાંચ સુવર્ણ , ત્રણ રજત અને આઠ કાંસ્ય સહિત 16 ચંદ્રક સાથે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું. પુરુષોની 50 કિલો વર્ગમાં , વિશ્વનાથ સુરેશે આજે સુવર્ણ ચંદ્રક જીત્યો. તેણે ફાઇનલમાં જાપાનના દાઇચી ઇવાઇને 5-0થી હરાવીને પાંચ વર્ષમાં પુરુષોની મુક્કેબાજી સ્પર્ધામાં દેશનો પ્રથમ એશિયન ટાઇટલ સુરક્ષિત કર્યો. જ્યારે, સચિન સિવાચે પુરુષોની 60 કિલો ધરાવતા વર્ગની ફાઇનલમાં કઝાકિસ્તાનના ઓરાઝબેક અસિલકુલોવ સામે 2-3થી હાર બાદ રજત ચંદ્રક જીત્યો.

ગઈકાલે, ભારતીય મહિલા બોક્સરોએ ઐતિહાસિક પ્રદર્શન કર્યું, કુલ 10 ચંદ્રક જીત્યા, જેમાં ચાર સુવર્ણ, બે રજત અને ચાર કાંસ્યનો સમાવેશ થાય છે. ભારત પાંચ ગોલ્ડ સાથે ટેબલ પર બીજા સ્થાને રહ્યું.